**કરોડિયાર્પૂર્વ ગ્રામ પંચાયતમાં શાળાની બનેલી કમ્પાઉન્ડ વૉલને 15મા નાણાંપંચ હેઠળ બતાવી રૂ.1.66 લાખની ગેરરીતિ આચરી હતી**

## ફતેપુરા તાલુકાના કરોડિયાર્પૂર્વ ગ્રામ પંચાયતના મહિલા સરપંચ રાધિકા નીનામાને આખરે ડી.ડી.ઓએ સસ્પેન્ડ કર્યા

ભવિષ્યમાં આવી ઘટનાઓ સામે કડક પગલાં લેવાની ચેતવણીરૂપ સંદેશ આપવામાં આવ્યો

(પ્રતિનિધિ) સુખસર,તા.21

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના કરોડિયાર્પૂર્વ ગ્રામ પંચાયત વારંવાર કોઈને કોઈ વિવાદોમાં સપડાયેલી રહે છે.સમયાંતરે વારંવાર કોઈના કોઈ કામને લઈને ભ્રષ્ટાચારની ફરિયાદો ઉઠવા લાગી હતી ત્યારે આ વખતે ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા15મા નાણાંપંચની ગ્રાન્ટમાં ભ્રષ્ટાચાર કરીને લાખો રૂપિયાની હેરાફેરી કરી છે.તેવી ફરિયાદ જાગૃત નાગરિક દ્વારા કરવામાં આવી હતી. આ ગેરવહીવટનો પર્દાફાશ થતાં જિલ્લા તંત્ર સક્રિય બન્યું છે.પ્રાથમિક શાળા દ્વારા પહેલેથી જ બનાવાયેલી કમ્પાઉન્ડ વૉલને પંચાયતે પોતાના ખર્ચે બનાવેલી દર્શાવી સરકારી નાણાં ઉપાડી લીધા હોવાનો ગંભીર આક્ષેપ તપાસમાં સાચો ઠર્યો હતો.

મળતી માહિતી મુજબ ફતેપુરા તાલુકાની મોટાગડા પ્રાથમિક શાળામાં વર્ષ 2023-24 દરમિયાન સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ એસએમસી કમિટીએ કમ્પાઉન્ડ વૉલનું નિર્માણ કર્યું હતું. કામ પૂર્ણ થયા બાદ તેનું ચૂકવણું પણ નિયમિત રીતે થઈ ગયું હતું.છતાં પણ ગ્રામ પંચાયતે તે જ દીવાલને પોતાના ખર્ચે બનાવેલી બતાવી રૂ.4.40 લાખનું એસ્ટીમેટ તૈયાર કર્યું હતું.અને તેમાંમાંથી રૂ.1,66,500નું ચુકવણું કરી દીધું હતું.આ મામલે થયેલી ફરિયાદના આધારે તાલુકા વિકાસ અધિકારી દ્વારા સ્થળ તપાસ હાથ ધરવામાં આવી હતી.તપાસ દરમિયાન શાળાના આચાર્યના લેખિત નિવેદન અને અન્ય દસ્તાવેજો પરથી સ્પષ્ટ થયું કે દીવાલ એસએમસી દ્વારા જ બનાવવામાં આવી હતી.પંચાયત દ્વારા રજૂ કરાયેલા ફોટોગ્રાફ અને ઠરાવો હકીકત સાથે મેળ ખાતા ન હોવાનું બહાર આવ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારી સ્મિત લોઢા સમક્ષ યોજાયેલી સુનાવણી દરમિયાન ઉપલબ્ધ દસ્તાવેજી પુરાવાઓના આધારે ગંભીર ગેરરીતિ સાબિત થતાં રાધિકા નીનામાને ગુજરાત પંચાયત અધિનિયમની કલમ-57(1) હેઠળ હોદ્દા પરથી દૂર કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. સાથે જ પંચાયતનો વહીવટી ચાર્જ ઉપ-સરપંચને સોંપવા અને સમગ્ર મામલે તલાટી-કમ-મંત્રી સામે ખાતાકીય તપાસ હાથ ધરવા સૂચના આપવામાં આવી છે.જિલ્લા તંત્રની આ કાર્યવાહીથી સરકારી ગ્રાન્ટોમાં ગેરરીતિ કરનારાઓમાં ચિંતા ફેલાઈ છે.અને ભવિષ્યમાં આવી ઘટનાઓ સામે કડક પગલાં લેવાની ચેતવણીરૂપ સંદેશ આપવામાં આવ્યો છે.

**ગમખ્વાર અકસ્માતમાં એકનો આબાદ બચાવ થયો**

## પ્રતાપુરા ચોકડી પાસે સળિયા ભરેલા ટ્રેક્ટરની ટક્કરથી બાઈક સવાર 64 વર્ષીય ઈસમનું મોત

**બાઇક** સવાર ઇસમને ઇજાઓ પહોંચતા નજીક દવાખાનામાં સારવાર માટે ખસેડાયો હતો

(પ્રતિનિધિ) કાલોલ, તા.21

ગોધરા તાલુકાના પ્રતાપુરા ચોકડી પાસે આજે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સળિયા ભરેલ ટ્રેક્ટરે બાઈકને અડફેટે લેતા બાઈક પર સવાર 64 વર્ષીય ઈસમનું ઘટના સ્થળે મોત થયું હતું, જ્યારે એક વ્યક્તિ ગંભીર ઈજાઓ સાથે બચી ગયો હતો. મળતી માહિતી મુજબ ટ્રેક્ટર નં. GJ-17-BA-1566 ના ચાલકે પોતાના કબજાના ટ્રેક્ટરમાં લોખંડના સળિયા ભરેલા હતા અને ટ્રેક્ટરને પુરઝડપે, ગફલતભરી તથા બેફીકરાઈથી હંકારી રહ્યો હતો. આ દરમિયાન સામે થી આવતી બાઈક નં. GJ-17-BE-2269, જે ફરીયાદી જયદિપસિંહ શનાભાઈ પરમારના પુત્ર ખુશાલભાઈ પરમાર ચલાવી રહ્યા હતા, તેને સીધી ટક્કર મારી હતી. અકસ્માતમાં બાઈક સવાર ખુશાલભાઈ પરમારને હાથ, પગ અને કમરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

જ્યારે બાઈકની પાછળ બેઠેલા ફરીયાદીના પિતા, 64 વર્ષીય શનાભાઈ ભુલાભાઈ પરમાર ટ્રેક્ટરના આગળના ટાયર નીચે આવી જતા શરીરે ગંભીર ઈજાઓ થતા તેમનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું.

આ અંગે ફરીયાદી જયદિપસિંહ શનાભાઈ પરમાર દ્વારા વેજલપુર પોલીસ મથકે ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. વેજલપુર પોલીસે ટ્રેક્ટર ચાલક સામે BNS કલમ 281, 125(A), 125(B), 106(1) તેમજ મોટર વ્હીકલ એક્ટ કલમ 177, 184 અને 187 મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**કાલોલ પોલીસ મથકે નોંધાયેલો ૮ વર્ષ જૂના મારામારીના કેસ**

## મહિલા સહિત ત્રણ આરોપીઓને કાલોલ કોર્ટ દ્વારા શંકાનો લાભ

(પ્રતિનિધિ) કાલોલ, તા.21

કાલોલ પોલીસ મથકે વર્ષ ૨૦૧૭માં નોંધાયેલા મારામારીના કેસમાં કાલોલની એડી ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા મહિલા સહિત ત્રણ આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવ્યો છે. મળતી વિગતો મુજબ સઈદભાઈ શબ્બીરભાઈ શુભને કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી કે સર્વે નંબર ૨૩ પૈકીની ૨ વાળી જમીનમાં નીલગીરી કટીંગ તથા માટી પુરવાનું કામ ચાલી રહ્યું હતું. કામ દરમિયાન જૂની જગ્યાએ ગાડી નાળિયાના ભાગે ફસાઈ જતા જેસીબી દ્વારા માટી કાઢવાની કામગીરી કરવામાં આવી રહી હતી. તે દરમિયાન નજીકના ખેતર તથા મકાન ધરાવતા ફારુકભાઈ ઈસ્માઈલભાઈ દાઉદ, અસફાક ફારુક તથા સાઈરાબીબી ફારુકભાઈએ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી નાળિયામાં માટી કેમ નાખો છો તથા વાડ કેમ તોડી નાખી એમ કહી ઝગડો કર્યો હોવાનો આરોપ ફરિયાદમાં મૂકાયો હતો. ફરિયાદ મુજબ ફારુકભાઈએ વાસની લાકડી વડે ફરિયાદીને ડાબા કાનની પાછળ માર મારતા લોહી નીકળ્યું હતું. આ કેસ કાલોલની એડી ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં ચાલ્યો હતો, જેમાં આરોપીઓ તરફેથી એડવોકેટ પી.એમ. શેખ હાજર રહ્યા હતા. ઊલટ તપાસ દરમિયાન સાક્ષીઓએ બનાવ નજરે જોયો ન હોવાનું જણાવ્યું હતું, તેમજ બંને પંચોએ પણ બનાવને સમર્થન આપ્યું ન હતું. સારવાર કરનાર ડોક્ટરની ઊલટ તપાસમાં ઈજા સામાન્ય પ્રકારની હોવાનું અને ઈજા કોણે કરી તે અંગે હિસ્ટ્રીમાં કોઈ નોંધ ન હોવાનું બહાર આવ્યું હતું. વધુમાં બંને પક્ષકારો વચ્ચે જમીન સંબંધી દાવા તથા તકરારો ચાલતી હોવાની બાબત પણ નોંધાઈ હતી. આ તમામ બાબતોને ધ્યાનમાં લઈ કોર્ટમાં સાક્ષીઓની જુબાની અને પોલીસ સમક્ષના જવાબોમાં વિરોધાભાસ જોવા મળ્યો હતો તેમજ મોડી ફરિયાદ અંગે કોઈ સ્પષ્ટ ખુલાસો ન થયો હોવાનું કોર્ટએ નોંધ્યું હતું. નજરે જોનાર કોઈ સીધો સાક્ષી ન હોવાને કારણે એડી ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એફ.બી. પઠાણ દ્વારા ત્રણેય આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ જાહેર કરી છોડી મૂકવાનો આદેશ આપવામાં આવ્યો છે.

## બાકરોલ પ્રાથમિક શાળામાં આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિન ઉજવાયો

(પ્રતિનિધિ) કાલોલ, તા.21

માતૃભાષાનું જતન કરવાના ઉદ્દેશ્યથી બાકરોલ પ્રાથમિક શાળામાં ૨૧ ફેબ્રુઆરીના રોજ આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ ઉજવવામાં આવ્યો.વિશ્વભરના લોકોમાં તેમની માતૃભાષા બોલવામાં ગર્વ અનુભવે ,ભાષા અને સંસ્કૃતિની વિવિધતાને સન્માન મળે તથા બહુભાષાવાદને પ્રોત્સાહન આપવામાં આવે એ આ કાર્યક્રમનો મુખ્ય હેતુ છે.શાળાના આચાર્ય દિનેશભાઈ પ્રજાપતિ, સીઆરસી કો ઓર્ડીનેટર નયનાબેન તેમજ શાળાના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને માતૃભાષાનું મહત્વ સમજાવવામાં આવ્યું."મારી ભાષા મારું ગૌરવ" બાળકને માતા તરફથી મળેલી ભાષા, પરિવારમા બોલાતી ભાષા એટલે માતૃભાષા. જે ભાષામાં બાળક હસ્યું, રડયું, જે ભાષાનો શબ્દ બાળકે સૌપ્રથમ સાંભળ્યો, કાલું-કાલું બોલવાનો પ્રયત્ન જે ભાષામાં બાળકે કર્યો, બાદમાં ભાષાનું શબ્દભંડોળ સમૃદ્ધ થવાથી તેના પર પ્રભુત્વ આવે. જે ભાષામાં વિચારવાનું, લાગણીઓ અનુભવવાનું, તેમજ લાગણીઓ અને વિચારો પ્રદર્શિત બાળક શીખ્યું તે ભાષા એટલે માતૃભાષા આ બાબતોની સમજ શાળાના આચાર્ય દ્વારા આપવામાં આવી. વિદ્યાર્થીઓ દ્વારા માતૃભાષાના કવિઓ, લેખકો વિશે વક્તવ્ય આપવામાં આવ્યા.

## પાવાગઢ યાત્રાધામ ખાતે આગામી બે માસ સુધી રવિવારે ખાનગી વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ

તંત્ર દ્વારા જણાવાયુ છે કે જાહેરનામાનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે

(પ્રતિનિધિ) હાલોલ, તા.21

સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે રવિવારની રજાના દિવસોમાં ઉમટતી ભારે શ્રદ્ધાળુ ભીડ અને વધતી ટ્રાફિક સમસ્યાને ધ્યાનમાં રાખીને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જે.જે. પટેલ દ્વારા મહત્વપૂર્ણ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામા મુજબ આગામી બે માસ સુધી તમામ રવિવારના દિવસોમાં ખાસ ટ્રાફિક નિયમનના પગલાં અમલમાં રહેશે. જાહેરનામા અનુસાર તળેટીથી માચી સુધીના માર્ગ પર માત્ર સરકારી એસ.ટી. બસો, સરકારી વાહનો તથા પાવાગઢ ગામની કાયમી ટેક્સી પાસિંગ ધરાવતી ગાડીઓને જ અવર-જવરની મંજૂરી આપવામાં આવશે. ખાનગી ભારે અને હળવા વાહનો માટે માચી ખાતેના પાર્કિંગની ઉપલબ્ધતાને આધારે જ પ્રવેશ આપવામાં આવશે. જો પાર્કિંગ ફૂલ થઈ જશે તો કોઈપણ ખાનગી વાહનને તળેટીથી ઉપર જવા દેવામાં આવશે નહીં.

પ્રવેશબંધીના મુખ્ય પોઈન્ટ્સ તરીકે હાલોલ ટિમ્બી ત્રણ રસ્તા, જેપુરા ચોકડી, વડાતળાવ ચોકડી, ઢીંકવા ચોકડી અને ધનકુવા ચોકડીથી પાવાગઢ તરફ જતા ખાનગી ભારે વાહનો પર પ્રતિબંધ રહેશે. ઉપરાંત માચીથી દુધિયા તળાવ સુધીના માર્ગ પર પશુઓ દ્વારા માલસામાન વહન કરવા અથવા પશુઓ દોરીને જવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.આ જાહેરનામું તા. 21 ફેબ્રુઆરી 2026 થી તા. 20 એપ્રિલ 2026 સુધીના તમામ રવિવારના દિવસોમાં અમલમાં રહેશે. જોકે આવશ્યક ચીજવસ્તુઓનું પરિવહન કરતા વાહનો, સરકારી એસ.ટી. બસો, સરકારી ફરજ પરના વાહનો તથા આરોગ્ય સેવાઓ (એમ્બ્યુલન્સ)ને આ પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી છે. વધુમાં જાહેરનામામાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ખાનગી પાર્કિંગ સંચાલકોએ પાવાગઢ ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા નક્કી કરેલા દર કરતા વધુ ચાર્જ વસૂલવા નહીં. ખેતીની જમીન પર થતી ખાનગી પાર્કિંગ માટે જમીનના કબજેદારોએ પૂર્વ મંજૂરી લેવી ફરજિયાત રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## ટીંબાગામ પ્રાથમિક શાળામાં વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી કરાઈ

(પ્રતિનિધિ) કાલોલ તા.21

દર વર્ષે 21 ફેબ્રુઆરીના રોજ વિશ્વભરમાં વિશ્વ માતૃભાષા દિન ઉજવવામાં આવે છે. આ દિવસની શરૂઆત યુનેસ્કો દ્વારા 1999માં કરવામાં આવી હતી. આ દિવસની પાછળ એક મહત્વપૂર્ણ ઇતિહાસ છે. 1952માં ઢાકા, બાંગ્લાદેશ ખાતે વિદ્યાર્થીઓએ પોતાની માતૃભાષા બંગાળીને રાષ્ટ્રીય ભાષાનો દરજ્જો અપાવવા માટે આંદોલન કર્યું હતું. આ આંદોલનમાં અનેક વિદ્યાર્થીઓ શહીદ થયા હતા. તેમની યાદમાં 21 ફેબ્રુઆરીને વિશ્વ માતૃભાષા દિન તરીકે મનાવવામાં આવે છે. માતૃભાષા એ માત્ર ભાષા નથી, પરંતુ તે આપણા સંસ્કાર, સંસ્કૃતિ અને ઓળખનું પ્રતિક છે. બાળક સૌથી પહેલા પોતાની માતૃભાષામાં બોલવું શીખે છે. માતૃભાષા દ્વારા જ આપણે સરળતાથી વિચાર વ્યક્ત કરી શકીએ છીએ અને જ્ઞાન પ્રાપ્ત કરી શકીએ છીએ. ભારત જેવા બહુભાષી દેશમાં ગુજરાતી, હિન્દી, તમિલ, બંગાળી જેવી અનેક ભાષાઓ બોલાય છે. દરેક ભાષા પોતાની સંસ્કૃતિ અને પરંપરાનો ખજાનો છે. તેથી આપણે પોતાની માતૃભાષાનો ગૌરવ અનુભવવો જોઈએ અને સન્માન કરવો જોઈએ.

## ઝાલોદ અને ગરબાડા તાલુકાની શાળામાં કૃષિ યુનીવર્સીટીમાં અભ્યાસ અંગે યોજાયો સેમીનાર યોજાયો

ગરબાડા અને ઝાલોદ તાલુકાની ૦૮થી વધુ શાળાઓના ૯૦૦થી વધારે વિદ્યાર્થીઓએ સેમીનારનો લાભ લીધો

(પ્રતિનિધિ) દાહોદ, તા.21

દાહોદ ખાતે આવેલ આણંદ કૃષિ યુનીવર્સીટી હસ્તકના કૃષિ ઈજનેરી પોલીટેકનીક, મુવાલીયા ફાર્મ, દાહોદ દ્વારા આણંદ કૃષિ યુનીવર્સીટીના કુલપતિ ડો.કે. બી.કથીરિયાના માર્ગદર્શન હેઠળ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પછી વિદ્યાર્થીઓના જીવનની પ્રગતિ માટે અભ્યાસ-ક્રમોની પસંદગી અતિ આવશ્યક બની જાય છે એવા હેતુથી હાલના સ્પર્ધાત્મક વાતાવરણમાં દાહોદ જીલ્લાના આદિવાસી અને અન્ય વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ માટે પોતાની ક્ષમતા અનુરૂપ વિવિધ કૃષિ વિષયક અભ્યાસક્રમ પસંદ કરી શકે અને તેમાં અસરકારક દેખાવ કરે તે માટે સતત અત્રેના કૃષિ ઈજનેરી કોલેજ, દાહોદ દ્વારા રાજ્યની કૃષિ અને સહકાર વિભાગ હસ્તકની ચાર કૃષિ યુનીવર્સીટીના અભ્યાસક્રમો અને ત્યાં મળતી સવલતો બાબતે ઝાલોદ અને ગરબાડા તાલુકાની સ્કૂલોની વિઝીટ તજજ્ઞો દ્વારા કરીને વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવેલ હતા.

## કાલોલના એરાલ ઓડ ફળિયા ખાતે સીડી પરથી પડી જતા યુવાનનું મોત

કાલોલ : કાલોલ તાલુકાના એરાલ ઓડ ફળિયા વિસ્તારમાં રહેતા મુજબ અલ્પેશભાઈ પોતાના ઘરે સીડી પરથી પડી જતા તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે તેમને તાત્કાલિક ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમની હાલત વધુ ગંભીર હોવાથી વધુ સારવાર માટે વડોદરાની એસ.એસ. જી.માં રિફર જયાં સારવાર દરમિયાન શુક્રવારે સવારે અંદાજે 8:30 વાગ્યે અલ્પેશભાઈનું મોત નિપજ્યું હતું.

## હાલોલ જીઆઈડીસીમાં ગુણી સાપનું સફળ રેસ્ક્યુ કરાયું

(પ્રતિનિધિ) હાલોલ, તા.21

હાલોલ જીઆઈડીસી વિસ્તારમાંથી સિદ્ધાંત જીવ દયા ટીમ દ્વારા એક મોટા ગુણી સાપનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. મળતી માહિતી મુજબ સાવલી-હાલોલ રોડ પર આવેલી જીઆઈડીસી વિસ્તારમાં એક કંપનીની બહાર સાઈડમાં મોટો ગુણી સાપ દેખાતા સેવાભાવી દિનેશભાઈએ તાત્કાલિક ટેલિફોનિક જાણ કરી હતી. માહિતી મળતા જ સિદ્ધાંત જીવ દયા ટીમના સભ્ય જયદીપભાઈ ઘટનાસ્થળે પહોંચ્યા અને પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું.

સાપ મોટો અને ભયજનક હોવાથી તાત્કાલિક વન વિભાગને જાણ કરવામાં આવી હતી. વન વિભાગના આરએફઓ સતિષભાઈ બારીયાના માર્ગદર્શન અને સૂચના અનુસાર રેસ્ક્યુની કામગીરી હાથ ધરવામાં આવી. બાદમાં પાવાગઢ ધોબી કૂવા રેસ્ક્યુ સેન્ટરમાં વન વિભાગના બાબુભાઈની હાજરીમાં ગુણી સાપને કુદરતી વસવાટ માટે સુરક્ષિત રીતે રિલીઝ કરવામાં આવ્યો.

સમગ્ર રેસ્ક્યુ કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થતાં સ્થાનિક લોકોએ સિદ્ધાંત જીવ દયા ટીમ અને વન વિભાગનો આભાર વ્યક્ત કર્યો હતો.

**રાહુલ ગાંધીની રાષ્ટ્રવિરોધી માનસિકતા વિરુદ્ધ દેશભરમાં આક્રોશ**

## કાલોલ ભાજપ યુવા મોરચા દેશવિરોધી નિવેદનને પગલે રાહુલ ગાંધીનુ પૂતળુ બાળવામાં આવ્યુ

(પ્રતિનિધિ) કાલોલ, તા.21

દિલ્હી ખાતે યોજાયેલા AI Summit દરમિયાન કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા ભારત દેશને 'હાસ્યાસ્પદ' કહી આંતરરાષ્ટ્રીય સ્તરે દેશની છબીને ખરડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ દેશવિરોધી નિવેદનના તેમજ પ્રદર્શનના વિરોધમાં ભાજપા પંચમહાલ જિલ્લા યુવા મોરચા તથા કાલોલ યુવા મોરચા દ્વારા જબરદસ્ત વિરોધ પ્રદર્શન અને વિરોધ રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતુ.કાલોલ બગીચાથી તિરંગા સર્કલ સુધી વિરોધ રેલી કાઢવામાં આવી જેમાં રાહુલ ગાંધી હાય હાય ના નારા લગાવ્યા હતા.

કાલોલ ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ તથા યુવા મોરચાના નેતાઓ મહિલા અગ્રણીઓ કાલોલ નગર પાલિકા તેમજ તાલુકા પંચાયત સભ્યો, તેમજ સંગઠનના નેતાઓ હાજર રહ્યા હતા.દેશના ગૌરવ અને સન્માનની વિરુદ્ધ રાહુલ ગાંધીએ જે નિવેદન આપ્યા છે તેની ઘોર નિંદા કરી રાહુલ ગાંધી નુ પૂતળું બનાવી તેને લાતો મારવામાં આવી છે

**ખંગેલા ચેકપોસ્ટ પર મધરાતે કતવારા પોલીસનો સપાટો**

## વાહન ચેકિંગ દરમિયાન કાર્ટૂનની આડમાં લઈ જવાતો રૂ.31.39 લાખનો દારૂ ઝડપાયો

(પ્રતિનિધિ) દાહોદ, તા.21

ખંગેલા ચેકપોસ્ટ પર મધરાતે કતવારા પોલીસે વાહન ચેકિંગ દરમિયાન કાર્ટૂનની આડમાં લઈ જવાતા રૂપિયા ૩૧.૩૯ લાખની કિંમતના વિદેશી દારૂ-બીયર સાથે ગાડી પકડી ગત મધરાતે કતવારા પોલીસે ખંગેલા ચેકપોસ્ટ ખાતેથી વાહન ચેકિંગ દરમિયાન શંકાસ્પદ જણાતી હરિયાણા પાસિંગની આઈસર ગાડી ની તલાસી લઈ ગાડીમાંથી ઘાસનું ભુસુ ભરેલા કાકી કલરના બોક્સના કાર્ટુનોની આડમાં સંતાડીને મુકેલ રૂપિયા ૩૧.૩૯ લાખ ઉપરાંતની કિંમતની વિદેશી દારૂ તથા બીયરની કુલ પેટીઓ નંગ ૩૧૨ પકડી પાડી રૂપિયા ૨૦ લાખની આઈસર ગાડી તથા એક મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૫૧,૪૪,૨૦૦/-ના મુદ્દામાલ સાથે ગાડીના ચાલકની અટકાયત કર્યાનું સત્તાવાર જાણવા મળ્યું છે. આગામી દિવસોમાં આવનાર હોળી તેમજ ધુળેટીના તહેવારો તેમજ હાલ ચાલતા લગનગાળાને ધ્યાને લઈ તગડો વેપલો રળી લેવા જિલ્લા તેમજ જિલ્લા બહારના બુટલેગરો સક્રિય બન્યા છે. આ બાબતની ખૂબ જ ગંભીરતાથી ધ્યાને લઈ કતવારા પોલીસ વધુ સક્રિય બની પડોશી રાજ્ય મધ્યપ્રદેશમાંથી વિદેશી દારૂ ની થઈ રહેલી ગેરકાયદેસર હેરાફેરી ને રોકવા વાહન ચેકિંગ પ્રક્રિયા વધુ કડક બનાવી છે. તેવા સમયે ગઈકાલે મધરાતે કતવારા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર યુએમ ગાવિતસ્ફા સાથે રાખી ગઈકાલે મધરાતે પોતાના પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં મધ્યપ્રદેશની સરહદે આવેલ ખંગેલા ચેકપોસ્ટ પર વાહન ચેકિંગ કરી રહ્યા હતા તે વખતે મધ્યપ્રદેશ બાજુથી આવેલ એચ આર ૬૮સી-૪૧૫૮ નંબરની હરિયાણા પાસિંગની આઈસર ગાડી પોલીસને શંકાસ્પદ જણાતા પોલીસે તેને હાથનો ઈશારો કરી રોડની સાઈડમાં ઉભી કરાવી હતી. અને તે ગાડીની તલાસી લેતાં ગાડીમાં ખાખી કલરના ઘાસના ભુસા ભરેલ બોક્સના કાર્ટૂનને હટાવી નીચે જોતાં ઈંગ્લિશ દારૂની પેટીઓ નજરે પડતા પોલીસ ચોંકી ઉઠી હતી.

## દાહોદના પૂર્વ કાઉન્સિલરના નિધનથી સંબંધિત તંત્રમાં શોકની લાગણી છવાઈ

દાહોદ : દાહોદ શહેર પાલીકાના માજી કાઉન્સિલર નું લાંબી માંદગી બાદ સારવાર દરમિયાન મોત ની નીપજત્તા શહેરમાં ગમગીની છવાઈ છે. થોડાક દિવસો અગાઉ માજી કાઉન્સિલર દિનેશભાઈ સીકલીગર મંડાવાવના રસ્તે જઈ રહ્યા હતા ત્યારે ગધેડાની ઝપટમાં આવી જતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટના બાદ લાંબી સારવારના અંતે દિનેશભાઈ ભાઈ સાંકલીગર હવલાન સારવાર અર્થે દવાખાને લઈ ગયા હતા જ્યાં લાંબી સારવાર બાદ આજે હવલા ભાઈ માજી કાઉન્સેલરનું નિધન થયું હતું

**જાહેર નોટીસ**

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં
કેસ.નં. ૫૩૬ / ૨૦૨૫ તા. ૧૯/૦૨/૨૦૨૬

અરજદારઃ માવી દીવાનભાઈ વસનાભાઇ
સરનામુઃ રહે. ઝરીબુઝર્ગ, તા. ગરબાડા. જી. દાહોદ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ઝરીબુઝર્ગ,

જન્મ-મરણની સાધિનિયમની કલમ : ૧૩ (૩)મુજબની જન્મની નોંધણી કલમ કરવા બાબત

આથી તમામ લાગતા વળગતા ઇસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી માવી દીવાનભાઈ વસનાભાઇના પુત્ર રોનક દિવાનભાઇ જન્મ તા.૦૨/૦૧/૨૦૧૧ ના રોજ ગામ : ઝરીબુઝર્ગ, તા. ગરબાડા. જી. દાહોદ મુકામે તેમના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રનો જન્મ થયેલ ત્યારે અરજદાર ધ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ઝરીબુઝર્ગ, તા. ગરબાડા. જી. દાહોદના જન્મામરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પૌત્રીનો જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ ન:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઇસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ ધ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો. સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી, ઝરીબુઝર્ગ, તા.ગરબાડા, જિ.દાહોદ આજ તારીખઃ ૧૯ માહે : ફેબ્રુઆરી-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર
ગરબાડા